# JENTI S.MADHANI

Advocate

Office:- 307.308, RAJHANS SHOPPING, Opp. GURUNAGAR SO,
VARACHHA MAIN ROAD, SURAT

JENTI S. MADHANI SURAT ADVOCATE

તા.૧૩/૧૨/૨૦૧૮

## <u>ટાઇટલ રીપોર્ટ</u>

સુરત ડિસ્ટ્રીકટ સબ-ડિસ્ટ્રીકટ અડાજણ નાં મોજે ગામ **મોટાવરાછા** નાં **રે.સ.નં: ૧૧૪/૨,૧૧૫,** જેનો **બ્લોક નં: ૧૦૯** વાળી જમીન કે જેનું રેવન્યું દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ **હે.આરે: ૧-૩૫-૫૭ ચો.મીટર,** જેને **ટી.પી.સ્કીમ નં.૧૮** (મોટાવરાછા) લાગુ પડતા **ફા.પ્લોટ નં.૫૯,** ની ૯૪૯૦ ચો.મી. વાળી બિનખેતી થયેલ જમીનમાં આવેલ સબ-પ્લોટ નં.૨ કે જેનું ક્ષેત્રફળ : ૭૫૧૮ ચો.મી. રહેણાક નાં હેતુ માટે આયોજીત **"પ્રિયંક એવન્યું"** નાં નામથી ઓળખાતી યોજનાનો ટાઇટ્લ રીપોર્ટ.

સદરહું મીલકત સબંધી ટાઇટ્લની વિગત એવી છે કે,

સુરત જીલ્લાના, ચોર્યાસી તાલુકાનાં મોજે ગામ મોટાવરાછાનાં **રે.સર્વે નં.૧૧૪** વાળી જમીનમાં અંબુભાઇ હીરાભાઇ ખેડતા હોવાથી તેમનું નામ સામાન્ય ગણોતીયા તરીકે નામ દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ ગ્રામપંચાયત દફતરે એન્ટ્રી નં.૧૭૨ થી તા.૨૦/૦૮/૧૯૫૬ ના રોજ કરવામાં આવેલ. અને જે એન્ટ્રી પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું સર્વે નંબર વાળી જમીનમાં મહે. ખેતીની જમીનના ન્યાયાધીકરણ અને મામલતદાર સાહેબ ચોર્યાસીના આદેશ નમુનો નંબર ૬ નંબર : ૮૮૬, તા.૨૦/૦૩/૧૯૬૪ નાં નિર્દેશ કર્યા મુજબ જમીન શ્રી અંબુભાઇ હીરાભાઇ ગણોતીયા તરીકે ધારણ કરે છે સદર જમીનની ખરીદ કીમત રૂા.૨૫૬૬.૦૭ બાર હપ્તાથી વ્યાજ સાથે ભરપાઇ કર્યેથી સદરહું જમીન તેમણે ખરીદ કરેલ છે એમ ગણવામાં આવશે તે મુજબ જમીનમાં ગણોતીયાનું નામ માલીક તરીકે દાખલ કરી જમીન માલીક હવાબીબી યુસુફ મોતાલુનું નામ બીજા હકકમાં દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ ગ્રામપંચાયત દફતરે એન્ટ્રી નં.૮૪૮ થી તા.૩૧/૦૩/૧૯૬૪ ના રોજ કરવામાં આવેલ. અને જે એન્ટ્રી પ્રમાણીત કરવામાં આવેલ છે. પરંતુ મહે.ડે.કલેકટર સાહેબના હુકમ નં. ટેનન્સી સુરત તા.૨૦/૦૧/૧૯૬૪ ના રોજ નંબર ૧૦૩ થી રદ કરી ફરી કીમત રૂા.૧૩૯૭.૦૦ ઠેરવવામાં આવેલ છે તે નવ હપ્તાથી વ્યાજ સાથે

ભરપાઇ કર્યેથી તેમણે જમીન ખરીદેલી છે એમ ગણવામાં આવશે તે મુજબ ગણોતીયાનું નામ માલીક તરીકે દાખલ કરી જમીન માલીક હવાબીબી યુસુફ મોતાલાનું નામ બીજા હકકમાં દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ ગ્રામપંચાયત દફતરે એન્ટ્રી નં.૯૪૭ થી તા.૧૪/૦૮/૧૯૬૫ ના રોજ કરવામાં આવેલ. અને જે એન્ટ્રી પ્રમાણીત કરવામાં આવેલ છે.

JENTI S MADHANI * SURAT ADVOCATE

સુરત જીલ્લાના, ચોર્યાસી તાલુકાનાં મોજે ગામ મોટાવરાછાનાં **રે.સર્વે નં.૧૧૫** વાળી જમીનમાં અંબુભાઇ હીરાભાઇ ખેડતા હોવાથી તેમનું નામ સામાન્ય ગણોતીયા તરીકે નામ દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ ગ્રામપંચાયત દફતરે એન્ટ્રી નં.૧૭૨ થી તા.૨૦/૦૮/૧૯૫૬ ના રોજ કરવામાં આવેલ. અને જે એન્ટ્રી પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું સર્વે નંબર વાળી જમીનમાં મહે. ખેતીની જમીનના ન્યાયાધીકરણ અને મામલતદાર સાહેબ ચોર્યાસીના આદેશ (નમુનો નંબર ૬ ) નંબર : ૮૮૬, તા.૩૧/૦૫/ ૧૯૬૨ માં નિર્દેશ કર્યા મુજબ જમીન શ્રી અંબુભાઇ હીરાભાઇ ગણોતીયા તરીકે ધારણ કરે છે તો જમીનની કીમત રૂા.૩૭૯૬.૦૦ ઠેરવી છે તે નકકી કરેલ બાર હપ્તાથી વ્યાજ સાથે ભરપાઇ કર્યેથી સદરહું જમીન તેમણે ખરીદ કરેલ છે એમ ગણવામાં આવશે તે મુજબ જમીનમાં ગણોતીયાનું નામ કબજેદાર તરીકે દાખલ કરી જમીન માલીક ઇબ્રાહીમ ઇસ્માઇલ મોતાલા વિગેરેનું નામ બીજા હકકમાં દાખલ કરવામાં આવેલ.

ત્યારબાદ, એકત્રીકરણ યોજના અમલમાં આવતાં મજકુર મોટાવરાછા નાં રેવન્યું સર્વે નંબર : ૧૧૪/૨,૧૧૫ થી નોંધવામાં આવેલ જમીનને બ્લોક નંબર : ૧૦૯ ફાળવવામાં આવેલ હતો. જેની નોંધ રેવન્યું દફતરે એન્ટ્રી નંબર ૨૪૧૩ થી તા.૧૧-૧૨-૧૯૮૦ ના રોજ કરવામાં આવેલ હતી જે એન્ટ્રી ત્યારબાદ તા.૨૧-૦૨-૧૯૮૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ હતી.

મજકુર જમીનમાં શ્રી અંબુભાઇ હીરાભાઇનું નામ ચાલી આવેલ તેઓ તા.૧૫/૦૭/૧૯૮૨ નાં રોજ ગુજરી ગયેલ જેના સીધીલીટીનાં વારસમાં તેમણે તેમની હયાતીમાં તા.૧૧/૦૪/૧૯૭૯ નાં રોજ રજીસ્ટર વીલ કરેલ જે વીલ આધારે સદરહું જમીનમાં શ્રી ચંદુભાઇ અંબારામ તથા શ્રી મનસુખભાઇ અંબારામ નું નામ દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ ગ્રામપંચાયત દફતરે એન્ટ્રી નં.૨૫૬૯ થી તા.૩૧/૧૨/૧૯૮૨ ના રોજ કરવામાં આવેલ. અને જે એન્ટ્રી પ્રમાણીત કરવામાં આવેલ છે.

મજકુર જમીનમાં શ્રી ચંદુભાઇ અંબારામ તથા શ્રી મનસુખભાઇ અંબારામ નું નામ ચાલી આવેલ જે પૈકી શ્રી મનસુખભાઇ અંબારામનાં સગા પુત્રો (૧) જયંતીભાઇ મનસુખભાઇ, (૨) ધર્મેશભાઇ મનસુખભાઇ, (૩) કિશોરભાઇ મનસુખભાઇ, (૪) જગદીશ ઉર્ફે જયેશભાઇ મનસુખભાઇ નો હકક હિસ્સો આવેલો હોવાથી તેઓના નામ સામાયીકપણામાં દાખલ કરવા

પક્ષકારોનાં જવાબ, પંચક્યાસ આધારે નોંધ કરેલ જે અંગેની નોંધ ગ્રામપંચાયત દફતરે એન્ટ્રી નં.૪૮૬૦ થી તા.૨૭/૦૫/૨૦૦૪ ના રોજ કરવામાં આવેલ. અને જે એન્ટ્રી પ્રમાણીત કરવામાં આવેલ છે.

J. S. MADHANI SURAT ADVOCATE

મજકુર મોટાવરાછા ગામ નો સુરત સીટી માં સમાવેશ થતાં સમગ્ર ગામ દફતરે સુરત સીટી તાલુકામાં તબદીલ કરવામાં આવેલ હતું. જેની નોંધ રેવન્યું દફતરે એન્ટ્રી નંબર ૫૬૯૧ થી તા.૨૨/૧૨/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ હતી જે એન્ટ્રી ત્યારબાદ તા.૨૨/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ હતી. અને અન્ય એન્ટ્રી નંબર ૫૬૯૨ થી તા.૨૨/૧૨/ ૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ હતી જે એન્ટ્રી ત્યારબાદ તા.૨૬/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ હતી.

ત્યારબાદ મજકુર જમીન શ્રી ચંદુભાઇ અંબારામ વિગેરેના નામ ઉપર ચાલી આવેલ જે પૈકી શ્રી ચંદુભાઇ અંબારામનું બારડોલી મુકામે તા.૦૬/૦૪/૨૦૦૭ ના રોજ મરણ પામતા પેઢીનામાં આધારે તેમના સીધીલીટીનાં વારસદારો તરીકે (૧) સવિતાબેન ચંદુલાલ પટેલ, (૨) ભારતીબેન ચંદુલાલ પટેલ, (૩) ગીતાબેન ચંદુલાલ પટેલ, (૪) કનૈયાલાલ ચંદુલાલ પટેલ, (૫) પુષ્પાબેન ચંદુલાલ પટેલ, જેઓના નામો કબજેદાર તરીકે દાખલ કરવા આવેલ અરજી, તલાટીશ્રી બારડોલી રૂબરૂનું પેઢીનામું, પંચક્યાસ, જવાબ, મરણના દાખલા તથા સોગંદનામા આધારે ચંદુભાઇ અંબારામભાઇનું નામ કમી કરી તેમના વારસદારોના નામ દાખલ કરેલ જે અંગેની નોંધ ગ્રામપંચાયત દફતરે એન્ટ્રી નં.૮૭૦૮, થી તા.૧૭/૦૯/૨૦૧૨ ના રોજ કરવામાં આવેલ. અને જે એન્ટ્રી તા.૩૧/૧૨/૨૦૧૨ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

સદરહું જમીનમાં મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ ની કલમ-૩૨ એમ મુજબ ખરીદીનું પ્રમાણપત્ર જમીન માલિકશ્રી ઇબ્રાહીમ ઇસ્માઇલ મોતાલા તથા સુલેમાન ઇસ્માઇલ મોતાલાની સદરહું જણાવેલ જમીનમાં અંબુભાઇ હીરાભાઇ ગણોતીયા છે અને મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ-૧૯૪૮ ની કલમ-૩૨ (ગ) ની જોગવાઇઓ મુજબ ગણોતીયા અંબુભાઇ હીરાભાઇ એ ઉકત જમીનની કિંમત તરીકે રૂા.૩૭૯૬/- અંકે રૂપિયા ત્રણ હજાર સાતસો છનું પુરા અનામત મુકવાનું ફરમાવ્યું હતુ અને તેણે તે રૂપિયા અનામત મુકયા છે. આથી વધારાના મામલતદાર અને કૃષિપંચ (ગણોત) તા.ચોર્યાસી, સુરતનાએ તા.૩૦/૦૭/૨૦૧૩ ના રોજ નં.ગણોત/૩૨ (એમ)/ મોટાવરાછા/વશી. ૧૧૬૬/૧૩ થી પ્રમાણપત્ર આપેલ છે કે સદરહું ગણોતીયા અંબુભાઇ હીરાભાઇ ને સદરહું અધિનિયમની કલમ-૩૨-એમ ની જોગવાઇઓ મુજબ સદરહું જમીનનાં ખરીદનાર તરીકે

ગણવામાં આવશે અને સદરહું જમીન સદર અધિનિયમની કલમ-૪૩ થી ઠરાવ્યા પ્રમાણે કલેકટરશ્રીની પુર્વ મંજુરી વિના વેચાણથી, બક્ષિસથી, અદલા-બદલીથી, ગીરોથી, પટેથી અથવા નામફેરની તબદીલી કરી શકાશે નહી અથવા તેના ભાગલા પાડી શકાશે નહી. જેની ૭/૧૨ માં વધારાના મામલતદાર અને કૃષિપંચ (ગણોત) તા.ચોર્યાસી,સુરતના નમુના-૯ આધારે નોંધ કરી. જે અંગેની નોધ મામલતદાર દફતરે એન્ટ્રી નં: ૮૯૭૭ થી તા: ૦૭-૦૮-૨૦૧૩ ના રોજ પાડવામાં આવેલ જે એન્ટ્રી તા.૨૮/૧૦/૨૦૧૩ ના રોજ પ્રમાણીત કરવામા આવેલ.

ત્યારબાદ સદરહું જમીનમાં મનસુખભાઇ અંબારામ તથા વિગેરેના નામે ચાલી આવેલ. જે જમીન નવી શરતની હોય જેને રહેણાંકનાં હેતુ માટે જુની શરતમાં હેતુફેર કરવા માટે મહે.કલેકટર સાહેબશ્રી, સુરતનાને અરજી કરતા તેઓશ્રીના હુકમ નં: ગણત-૪/રી.રજી નં: ૯/૧૫/વશી.૩૧૫૭ થી ૩૧૭૩/ ૧૬ ઓનલાઇન ફાઇલ નં.૧૬૩૮૮, તા: ૦૬/૦૬/૨૦૧૬ ના આધારે ગ.ધા.કલમ-૪૩ તથા શરતોને આધિન પરવાનગી આપવામાં આવેલ જે રહેણાંકના હેતુ માટે જુની શરત કરવા પરવાનગી આપેલ. જે અંગેની નોંધ મામલતદાર દફતરે એન્ટ્રી નં: ૯૮૯૪ થી તા: ૨૧/૦૬/૨૦૧૬ ના રોજ પાડવામાં આવેલ જે એન્ટ્રી તા.૨૩/૦૮/ ૨૦૧૬ ના રોજ પ્રમાણીત કરવામા આવેલ.

સદરહું મોજે મોટાવરાછા નાં બ્લોક નં.૧૦૯, વાળી જમીનમાં (૧) મનસુખભાઇ અંબારામ, (૨) જયંતિભાઇ મનસુખભાઇ, (૩) ધર્મેશભાઇ મનસુખભાઇ, (૪) કિશોરભાઇ મનસુખભાઇ, (૫) જગદીશ ઉર્ફે જયેશ મનસુખભાઇ, (૬) સવિતાબેન ચંદુલાલ પટેલ, (૭) ભારતીબેન ચંદુલાલ પટેલ, (૮) ગીતાબેન ચંદુલાલ પટેલ, (૯) કનૈયાલાલ ચંદુલાલ પટેલ, (૧૦) પુષ્પાબેન ચંદુલાલ પટેલ, ના નામે ચાલી આવેલ. તેઓ પાસેથી (૧) શ્રી જયંતીભાઇ નાનજીભાઇ પટેલ, (૨) શ્રી દિનેશભાઇ નાનજીભાઇ સભાયા, (૩) શ્રી ગોવિંદભાઇ ભાણજીભાઇ પટેલ નાઓએ વેચાણથી રાખેલ જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે.સુરતના રાંદેર સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુકમ નં.૯૭૨, તા.૦૭/૧૦/ ૨૦૧૬ ના રોજ નોંધાયેલ છે જે વેચાણ અંગેની નોંધ રેવન્યું દફતરે એન્ટ્રી નં.૯૯૭૫, તા.૦૭/૧૦/૨૦૦૬ થી દાખલ કરવામાં આવેલ જે નોંધ તા.૨૧/૧૧/ ૨૦૦૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

મજકુર મોજે મોટાવરાછા નાં રેવન્યું સર્વે નંબર : ૧૧૪/૨,૧૧૫, બ્લોક નંબર : ૧૦૯ થી નોંધવામાં આવેલ જમીન નો, ટી.પી.સ્કીમ નંબર : ૧૮ (મોટાવરાછા) માં સમાવેશ થતાં, તેને ફાઇનલ પ્લોટ નંબર : ૫૯ ફાળવવામાં આવેલ છે. જે મુજબ ફાઇનલ પ્લોટનું કુલ ક્ષેત્રફળ ૯૪૯૦ ચોરસ મીટર નકકી કરવામાં આવેલ છે.

મજકુર મોજે મોટાવરાછા નાં રેવન્યું સર્વે નંબર : ૧૧૪/૨,૧૧૫, બ્લોક નંબર : ૧૦૯ થી નોંધવામાં આવેલ જમીન નો, ટી.પી.સ્કીમ નંબર : ૧૮ (મોટાવરાછા), ફાઇનલ પ્લોટ નંબર : ૫૯ ફાળવવામાં આવેલ જે જમીનમાં બીનખેતી કરવા માટે કલેકટર કચેરી,ચીટનીશ શાખા,જીલ્લા સેવા સદન-૨,અઠવા લાઇન્સ, સુરત નાને અરજી કરતા જે બીનખેતી ઉપયોગની પરવાનગી, કલેકટર, સુરતનાએ, તેમના હુકમ ક્રમાંકઃ એ/જમન/તત્કાલ/એસ. આર.નં.૨૦૭૯/૧૭/૨૩૪/આઇ.ડી.નં.૧૧૩૪૨૯/વશી ૬૯૪૨ થી ૬૯૫૭/ ૧૭, થી તા.૦૫/૦૯/ ૨૦૧૭ થી પરવાનગી આપેલ છે.જે હુકમ અંગેની નોંધ રેવન્યું દફતરે એન્ટ્રી નં.૧૦૨૮૫, તા.૧૩/૧૧/૨૦૧૭ થી દાખલ કરવામાં આવેલ જે નોંધ તા.૦૮/૦૨/૨૦૧૮ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

મજકુર મોજે મોટાવરાછા નાં બ્લોક નંબર : ૧૦૯,થી નોંધવામાં આવેલ જમીનના તૈયાર કરેલ બાંધકામના પ્લાનો, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન એ મંજુર કરીને, બાંધકામ અને વિકાસની પરવાનગી, સબ-ડીવીઝન અંગેની રજાચિઠ્ઠી નંબર : ટી.ડી.ઓ./ડીપી/ નં.૪૬૫, થી તા.૧૧/૧૨/ ૨૦૧૭, તેમજ સબ-પ્લોટ નં.૧ અંગેની રજાચિઠ્ઠી નંબર : ટી.ડી.ઓ./ડીપી/ નં.૪૬૬, થી તા.૧૧/૧૨/ ૨૦૧૭, અને સબ-પ્લોટ નં.૨ અંગેની રજાચિઠ્ઠી નંબર : ટી.ડી.ઓ./ડીપી-૧/ નં.૧૮૭, થી તા.૦૫/૧૧/ ૨૦૧૮,ના રોજ બાંધકામની પરવાનગી આપવામાં આવેલ છે.

મજકુર શહેર સુરત, મોજે ગામ મોટાવરાછાનાં **રેવન્યું સર્વે નંબર : ૧૧૪/૨,૧૧૫,** જેનો **બ્લોક નં: ૧૦૯** વાળી જમીન કે જેનું રેવન્યું દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ **હે.આરે: ૧-૩૫-૫૭ ચો.મીટર,** જેને **ટી.પી.સ્કીમ નં.૧૮** (મોટાવરાછા) લાગુ પડતા **ફા.પ્લોટ નં.૫૯,** ની ૯૪૯૦ ચો.મી. વાળી બિનખેતી થયેલ જમીનમાં આવેલ સબ-પ્લોટ નં.૨ કે જેનું ક્ષેત્રફળ : ૭૫૧૮ ચો.મી. બિનખેતી થયેલ જમીન માં (૧) શ્રી જયંતીભાઇ નાનજીભાઇ પટેલ, (૨) શ્રી દિનેશભાઇ નાનજીભાઇ સભાયા, (૩) શ્રી ગોવિંદભાઇ ભાણજીભાઇ પટેલ નાઓ સંયુકત માલીક, મુખત્યાર અને કબજેદાર તરીકે ચાલી આવેલા.ત્યારબાદ તેઓએ સાથે મળીને સદરહું જમીનમાં **પ્રિયંક કોર્પોરેશન** નામની ભાગીદારી પેઢી ઉભી કરેલ અને તે ભાગીદારી પેઢીમાં સદરહું જમીન મુળી તરીકે લઇને ભાગીદારી પેઢી બનાવેલ અને જે અંગેનો ભાગીદારી પેઢીનો લેખ મહેરબાન સુરતના કતારગામ સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં.૨૨૯૭૭, થી તા.૦૧/૦૯/૨૦૧૮ ના રોજ નોંધાયેલ છે. આમ ત્યારથી સદરહું જમીનમાં **પ્રિયંક કોર્પોરેશન** નામની ભાગીદારી ચાલી આવેલ છે.

આમ, ત્યારથી **પ્રિયંક કોર્પોરેશન** એક ભાગીદારી પેઢી સદરહુ જમીનનાં માલીક, મુખત્યાર, કબજેદાર ભોગવટેદાર તરીકે ચાલી આવેલ ત્યારબાદ મજકુર જમીન મીલકતોનો રહેણાંકના હેતુ માટે વિકાસ કરવાનું નકકી કરી મજકુર જમીન ઉપર રહેણાંકનાં હેતુસર આયોજીત **"પ્રિયંક એવન્યું"** નાં નામથી ઓળખાતી યોજનામાં સબ-પ્લોટ નં.૧ માં ખુલ્લા પ્લોટો અને સબ-પ્લોટ નં.૨ માં એપાર્ટમેન્ટોનું આયોજન કરવામાં આવેલ.

ઉપરોકત ટાઇટલ રીપોર્ટ નીચે મુજબનાં તમામ પુરાવા તપાસી આપવામાં આવેલ છે. જેથી સદરહું મીલકત બાબતે જણાવવામાં આવે છે કે, સદર મીલકત તદ્દન માર્કેટેબલ ટાઇટલ વાળી છે.

<u>તપાસેલ પુરાવાની યાદી</u>:-

**૧.** સદરહું જમીનનો મુળ દસ્તાવેજ અને ભાગીદારી દસ્તાવેજ,

**૨.** સુરત મહાનગર પાલીકાના બાંધકામ અને વિકાસની પરવાનગી, સબ-ડીવીઝન અંગેની રજાચિઠ્ઠી નંબર : ટી.ડી.ઓ./ડીપી/નં.૪૬૫, થી તા.૧૧/૧૨/૨૦૧૭, તથા સબ-પ્લોટ નં.૧ ની રજાચિઠ્ઠી નંબર : ટી.ડી.ઓ./ડીપી/નં.૪૬૬, થી તા.૧૧/૧૨/૨૦૧૭, અને સબ-પ્લોટ નં.૧ ની રજાચિઠ્ઠી નંબર : ટી.ડી.ઓ./ડીપી-૧/ નં.૧૮૭, થી તા.૦૫/૧૧/ ૨૦૧૮,

**૩.** કલેકટર કચેરીએ, તેમના હુકમ કમાંક : નં: એ/જમન/તત્કાલ/એસ. આર.નં. ૨૦૭૯/ ૧૭/ ૨૩૭ આઇ.ડી.નં.૧૧૩૪૨૯/વશી ૬૯૪૨ થી ૬૯૫૭/ ૧૭, થી તા.૦૫/૦૯/૨૦૧૭,

**૪.** તા.૦૭/૦૩/૨૦૧૮ નાં રોજ પહોંચ નં. ૨૦૧૮૦૧૮૦૧૫૪૩૨ થી સુરત સીટી-૧ (અઠવા) સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રી સમક્ષ શોધ ફી ભરેલની રસીદ,

**૫.** તા.૧૪/૦૨/૨૦૧૮ નાં રોજ પહોંચ નં. ૨૦૧૮૦૨૧૦૦૯૦૧૪ થી કતારગામ સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રી સમક્ષ શોધ ફી ભરેલની રસીદ,

સ્થળ:- સુરત.

તારીખ: ૧૩/૧૨/૨૦૧૮

..........................................

જેન્તિ એસ.માધાણી (એડવોકેટ)

S. MADHANI SURAT ADVOCATE

## અરજી પહોંચ

મેલ્કતનું વર્ણન 109

Search in : મોટા વરાછા/MOTA VARACHHA

પહોંચ નંબર: ૨૦૧૮૦૨૧૦૭૩૪૨૮ અરજી નંબર: ૪૦૫૦૦ અરજી વર્ષ: ૨૦૧૮

તા: ૧૪ માહે: ડિસેમ્બર સને: ૨૦૧૮

રજુ કરનારનું નામ **જેન્તિ માધાણી**

THE SEAL OF THE SUB-REGISTRAR SURAT-4 (KATARGAM)

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........................ | ૦ |
| શેરોની નકલ કરવા માટે ફી........................ | |
| ટપાલ ખર્ચ........................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........................ | ૦ |
| શોધ અગર તપાસણી........ Year : ૨૦૧૮ ૨૦૧૮ ........ | ૧૧૫ |
| દંડ કલમ-૨૫........................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........................ | |
| નકલ ફી ફોલીયો........................ | ૦ |
| ઈન્ડેક્ષ-૨ ફી ........................ | |
| આ સિવાયની બાબતોની ફી | |

| કુલ એકંદરે રૂ. | ૧૧૫ |
|---|---|

અંકે રૂપીયા એકસો પંદર પુરા.

દસ્તાવેજ ................ ના દિવસે તૈયાર થશે અને ................ તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં આવશે.
નકલ ................ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

( M B Sindha )
સબ રજીસ્ટ્રાર
સુરત - 4 Katargam

2018

2018

સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ અને ઇંસપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભગ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in જેન્તિ માધાણી    અરજી નંબર : ૪૦૫૦૦    ગામ નું નામ : MOTA VARACHHA

મિલ્કતનું વર્ણન 109

દસ્તાવેજની આ શોધ એસ.આર.ઓ - Katargam મા 0 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક પુરતોજ

પુરતોજ મર્યાદીત રહેશે આ શોધમા તા__________________ સુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ ક્ષેત્રફળ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|
| ભાગીદારીનો લેખ<br>રૂા. ૦ | બ્લોક નંબર 109<br>ટી.પી નંબર 18,ફા.પ્લોટ નંબર 59<br>ક્ષેત્રફળ 9490 ચો.મી ખુલ્લી જમીન | | દિનેશભાઈ નાનજીભાઈ સભાયા<br>જયંતિલાલ નાનજીભાઈ પટેલ<br>ગોવિંદભાઈ ભાણજીભાઈ પટેલ | પ્રિયંક કોર્પોરેશન એક ભાગીદારી પેઢી | ૦૧/૦૯/૨૦૧૮<br>૧૪/૦૯/૨૦૧૮ | ૨૨૯૭૭ | |

THE SEAL OF THE SUB-REGISTRAR * SURAT-4, (KATARGAM) *

તારીખ : ૧૪/૧૨/૨૦૧૮

સબ-રજીસ્ટ્રાર